# મહાવીર–વાણી

## કુમારપાળ દેસાઈ

પં. બેચરદાસ દોશીએ કરેલું "મહાવીર–વાણી"નું સંપાદન એમનાં સંપાદનોમાં આગવું તરી આવે છે. ભગવાન મહાવીરની વાણી વિશિષ્ટ એ માટે છે કે એમણે ક્યાંય એવો દાવો કર્યો નથી કે પોતે ઈશ્વરનો સંદેશો કે દિવ્ય વાણી પ્રકટ કરી રહ્યા છે. એમણે તો કહ્યું છે કે સાધનાની અનુભવ-ભઠ્ઠીમાંથી તવાઈ તવાઈને પ્રગટ થતો અનુભવ તેઓ આલેખે છે, આથી જ મહાવીર-વાણીમાં સ્વયં સાધનાની દીપ્તિ છે અને જીવનનાં રહસ્યો પામવાની ઊંડામાં ઊંડી ઝંખના છે. આવી વ્યાપક દૃષ્ટિ મહાવીર–વાણીમાં પ્રગટ થાય છે અને એ વાણીની વ્યાપકતા પં. બેચરદાસજીએ બીજા ધર્મ-ગ્રંથો સાથે તુલના કરીને માર્મિક રીતે દર્શાવી છે. તેઓએ વિચાર કર્યો કે જૈન સંસ્કૃતિનો અભ્યુદય કરવો હોય તો જૈન સંસ્કૃતિનાં પુસ્તકો સુલભ બનાવવા જોઈએ. આ હેતુથી એમણે જૈન આગમો-માંથી મહાવીર–વાણીને પસંદ કરીને એને ૨૫ સૂત્રમાં વહેંચી નાખી. આ ૨૫ સૂત્રની ૩૧૪ ગાથામાં ધર્મની વિસ્તૃત સમજ પ્રગટ થાય છે. આ માટે પં. બેચરદાસજીએ મુખ્યત્વે 'સૂત્રકૃતાંગ સૂત્ર', 'દશવૈકાલિક સૂત્ર', 'ઉત્તરાધ્યયન સૂત્ર' અને 'આવશ્યક સૂત્ર'ને પસંદ કર્યાં છે. ભગવાન મહાવીરના ઉપદેશના મર્મને સ્પર્શતી ગંભીર તત્ત્વવાળી ગાથા અને તેનો અર્થ આપ્યો છે આ સંપાદનની ૩૧૪ ગાથાઓમાં પરિભાષાની પ્રચૂરતા કે રૂઢ ભાષાને બદલે સીધીસાદી શૈલીમાં એની રજૂઆત કરવામાં આવી છે.

'મહાવીર–વાણી'માં પ્રગટતા દર્શનની વ્યાપકતા દર્શાવવા માટે એમણે મહાવીરના વચનોની સાથોસાથ બ્રાહ્મણ ધર્મ અને બૌદ્ધ ધર્મના વચનોનાં સામ્યનો ખ્યાલ આપ્યો છે. પરંતુ પં. સુખ-લાલજીએ આ તુલનાત્મક ટિપ્પણમાં બાઈબલ અને કુરાનનાં વચનો મૂકવાની વાત કરી અને આ માટે સંપાદકે 'ઈસુખ્રીસ્ત અને તેમનો ઉપદેશ' તથા 'હજરત મહમ્મદ અને ઈસ્લામ' એ બે પુસ્તકોનો તુલનાત્મક અભ્યાસમાં ઉપયોગ કર્યો. ભગવાન મહાવીરની વાણી કોઈ ગચ્છ, વાદ કે સંપ્રદાયના સંકુચિત વાડાને બદલે માનવજીવનની આભ્યંતર સુધારણાનો હેતુ રાખે છે. તે હકીકત આ તુલનાત્મક અભ્યાસથી પ્રગટ થઈ.

પુસ્તકના પ્રારંભમાં ભગવાન મહાવીરનું જીવન–ચરિત્ર આપવામાં આવ્યું છે. આમાં કેટલાંક મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે, જેમ કે જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનું સામ્ય અથવા તો બુદ્ધ અને મહાવીર બંને એક નહિ, પણ બે સ્વતંત્ર વ્યક્તિ હતા તેવું પ્રતિપાદન. આ પ્રકરણમાં મહાવીરનું જીવન, એમનો ઉપદેશ અને એમની ક્રાંત દૃષ્ટિ સુંદર રીતે પ્રગટ થઈ છે. વળી આમાં ભગવાન મહાવીરની ઉપદેશશૈલી એમના પ્રતિસ્પર્ધીઓ તેમ જ એમના જીવનમાં પ્રગટ થતું જ્ઞાન અને ક્રિયા–સાધના–વિશેનું સમતોલપણું બતાવવામાં આવ્યું છે. ભગવાન મહાવીરે પોતે આચરેલી અને દર્શાવેલી અહિંસક રહેણીકરણીની વિગતો આપેલી છે. આમ આ જીવનચરિત્ર સંપાદનમાં આગવું મહત્ત્વ ધરાવે છે.

પુસ્તકનાં ટિપ્પણોમાં તુલનાત્મક અને વિવેચનાત્મક બંને દૃષ્ટિ પ્રગટ થાય છે. પુસ્તકને અંતે 'મહાવીર–વાણી'માં આવતા છંદો અને અલંકારોનો પરિચય આપવામાં આવ્યો છે. પુસ્તકના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણોમાં શબ્દનો અર્થ, એની વ્યુત્પત્તિ, એની પાછળની ભાવના તેમ જ એને વિશેની કથા એ બધી જ સામગ્રી આપવામાં આવી છે. જૈન ધર્મના પારિભાષિક શબ્દોની સમજૂતી અને ચર્ચા તો છે જ, પરંતુ એની સાથોસાથ સંપાદકની વિશાળ દૃષ્ટિનો સતત પરિચય થાય છે. કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને હેમ – અનેકાર્થસંગ્રહ જેવા ગ્રંથોની સાથે સાથે મનુસ્મૃતિ, મહાભારત અને વિષ્ણુપુરાણ પર પણ લેખકની નજર છે. ધમ્મપદ, ખોરદેહ અવસ્તા, કુરાન અને બાઈબલના ઉપદેશોના ઉલ્લેખો મળે છે. આમ મહાવીર-વાણીના ઘણા સંપાદનો થયા છે, પરંતુ આ સંપાદન સંપાદકની ઊંડી શાસ્ત્રીય સૂઝ અને વ્યાપક ધર્મદૃષ્ટિ માટે સ્મરણીય બની રહેશે.

□



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org